**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૩ ટકા

# રીક્ષા ભાડું માગ્યું એમાં ડ્રાઈવર પર છરાથી જીવલેણ હુમલો

## પાંચ રૂપિયા માટે વાવોલના લબરમૂછિયા શખ્સે ડ્રાઈવરના પેટમાં છરાના ઘા ભોંકી દીધા : રીક્ષા ડ્રાઈવરની હાલત ગંભીર

ગાંધીનગર, તા.૫

શહેરના પથિકાશ્રમ સર્કલ નજીક ગઈ કાલે રાત્રે સાવ નજીવી બાબતે રિક્ષા ડ્રાઈવર ઉપર જીવલેણ હુમલો થતાં ચકચાર મચી જવા પામી છે. વાવોલ- પથિકાશ્રમના ફેરા મારતા રિક્ષા ડ્રાઈવરે વાવોલ ગામના જ એક લબરમુછીયા મુસાફરને ઉતારીને પાંચ રૂપિયા રિક્ષાભાડું માંગતા મામલો બિચક્યો હતો. તું મને ઓળખે છે? ભાડું નહીં મળે તેમ કહીને લબરમૂછિયા શખ્સે તેના મિત્રને બોલાવી લીધો અને મિત્રએ રિક્ષા ડ્રાઈવરના બંને હાથ પાછળથી પકડી રાખ્યા ને વાવોલના લબરમુછીયા મુસાફરે ધારદાર છરો કાઢી રિક્ષા ડ્રાઈવર ઉપર જીવલેણ હુમલો કરી દીધો હતો. લોહીલુહાણ હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયેલા રીક્ષા ડ્રાઈવરની હાલત વધુ ગંભીર જણાતા રાત્રે જ અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલો રિક્ષા-ડ્રાઈવર હાલ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. રિક્ષા ડ્રાઈવરના ભાઈની ફરિયાદના આધારે સેકટર-૭ પોલીસે વાવોલ ના બે શખ્સો સામે ગુનો દાખલ કરી બંનેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

વાવોલ ગામની સેન્ટ્રલ બેન્ક નજીક આવેલા શેખ વાસમાં રહેતા મુસ્તાક અહેમદ શેખ રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. મળતી વિગત મુજબ ચાલુ મહિનામાં જ તેમની દીકરીના પણ લગ્ન નક્કી થયેલા છે. ગઈકાલે મોડી રાત્રે પણ તેઓ ગાંધીનગર પથિકાશ્રમથી વાવોલ ગામના ફેરા મારી રહ્યા હતા ત્યારે તેમને રિક્ષામાં વાવોલ ગામનો જ એક લબરમૂછિયો યુવાન અર્પિત વિનોદ નાડીયા બેઠો હતો. નિયત જગ્યાએ અર્પિતને રીક્ષામાંથી ઉતારી રિક્ષા-ડ્રાઈવર મુસ્તાક એ અર્પિત પાસેથી રૂપિયા પાંચ ભાડું માગ્યું હતું. હજુ મૂછનો દોરો પણ સરખો ફૂટયો નથી તેવા ૧૮- ૧૯ વર્ષના અર્પિતને લાગી આવ્યું કે તેની પાસેથી રીક્ષા ભાડું લેવાની હિંમત કેવી રીતે થઈ? રીક્ષા ભાડું આપવા જેવી નજીવી બાબતે ઝઘડો કરી અર્પિતે ગાળાગાળી શરૂ કરી દીધી હતી. રિક્ષા-ડ્રાઈવર મુસ્તાકે અર્પિતને ગાળો બોલવાની ના પાડતાં અર્પિત એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને તું મને ઓળખે છે? ભાડું નહીં મળે... તેમ કહીને તેના મિત્રને બોલાવી લીધો હતો. વાવોલના નાડીયા વાસમાં રહેતા અર્પિતનો તેના જ પડોશમાં રહેતો મિત્ર ઋત્વિક કાળુ નાડીયા ત્યાં આવી ગયો હતો અને રિક્ષા ડ્રાઈવર મુસ્તાકના બંને હાથ પાછળથી ફીટ પકડી લીધા હતા. ઋત્વિકે મુસ્તાકને પાછળથી પકડી રાખ્યો અને અર્પિતે ધારદાર છરો નીકાળી મુસ્તાકની જમણી પાંસળી, બરડે અને પેટના ભાગે એક પછી એક ઘા ઝીંકી દીધા હતા. મુસ્તાક પર જીવલેણ હુમલો કારીને તેને લોહીલુહાણ હાલતમાં છોડીને બંને શખ્સો રફુચક્કર થઈ ગયા હતા.

મુસ્તાકને લોહીલુહાણ હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવાયો હતો જો કે તેની તબિયત અત્યંત નાદુરસ્ત જણાતા ત્યાંથી વધુ સારવાર માટે રીફર કરીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ હાલ પણ તેની તબિયત નાજુક છે. તો બીજી તરફ ઘાયલ રિક્ષાચાલકના ભાઈ રફીક અહેમદ શેખની ફરિયાદને આધારે સેકટર-૭ પોલીસે મુસ્તાકને જાનથી મારી નાખવાની કોશિશ કરનાર વાવોલના અર્પિત અને તેનો મદદગાર ઋત્વિક બંને સામે ગુનો દાખલ કરી સેકન્ડ પીઆઈ જે.ડી. મેવાડાએ ફરાર હુમલાખોરોની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.

# કૌશલ્ય મહિલા ગ્રુપ દ્વારા કુકીંગ શૉ યોજાયો

ગાંધીનગર, તા.૫

કૌશલ્ય મહિલા ગ્રુપ દ્વારા સેકટર-૧૨ સ્થિત આંબેડર હોલ ખાતે તાજેતરમાં કુકીંગ શૉનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોને રાઈસની પૌષ્ટિક વાનગીઓ બનાવતા શીખવવામાં આવી હતી.

શહેરની બહેનોએ ઉનાળાના આકરા તડકામાં બપોરના સમયે પણ જાણીતા કુકીંગ એક્ષપર્ટ હીના ગૌતમના




માર્ગદર્શન હેઠળ કુકીંગ શૉનો લાભ લીધો હતો. શૉમાં બહેનોને રાઈસની હેલ્થી વાનગીઓ ચીલી બીન રાઈસ તથા બાળકો માટે મેકિસકન રાઈસની રેસીપી બનાવતા શીખવવામાં આવી હતી. આ ઉપરાંત ડાયાબીટિક વ્યકિતઓ માટે બટેટા વિનાની કટલેટ બનાવતા પણ શીખવવામાં આવી હતી.

કુકીંગ એક્ષપર્ટ હીના ગૌતમે જણાવ્યું હતું કે હેલ્થી ફુડ માટે ખોરાકને વધુને વધુ બાફીને તથા સેકીને ખાવો જોઈએ. વધુ પડતું તેલ કે મસાલા નાંખવાથી સારી રસોઈ બને તે માન્યતા સાવ વિપરીત છે. સાથે જ નોનસ્ટીકનો વપરાશ વધુ થાય તે વિશે હાજર બહેનોને સમજણ આપી હતી.

ઉલ્લેખનીય છે કે હીના ગૌતમ છેલ્લા કેટલાક વર્ષોથી કુકીંગ શૉનું આયોજન કરે છે તેમજ કલર્સ ગુજરાતી પર પ્રસારિત થતાં રસોઈ શૉમાં કુકીંગ એક્ષપર્ટ તરીકે બહેનોને માર્ગદર્શન આપે છે. તેમણે પોતાના 'શેફ ઓફ હોમ' પુસ્તક દ્વારા પોતાના અનુભવો તથા હેલ્ધી રસોઈ વિશેની માહિતી આપી છે. કૌશલ્ય ગ્રુપ દ્વારા આયોજીત આ કુકીંગ શૉમાં બ્રહ્માકુમારીઝના કૈલાસદીદી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરના બજારોમાં સ્ટેશનરીની ખરીદી માટે ભારે ભીડ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં આગામી સપ્તાહથી શાળાઓના શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે જુ. કેજી થી લઈને ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સ્ટેશનરી તેમજ જરૂરી અભ્યાસકીય કીટ સહિતની ખરીદી માટે બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે ત્યારે વેપારીઓ પણ ગ્રાહકોને આકર્ષવા માટે વિવિધ સ્કીમો તેમજ ડિસ્કાઉન્ટ આપી રહ્યા છે. જયારે નાના બાળકોમાં મોટું-પતલુ, સ્પાઈડરમેન, સુપરહિરોની સ્કુલબેગ માર્કેટમાં સૌથી ધુમ મચાવી રહી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૭, ૨૧ અને સે-૨૪ ના બજારોમાં વિદ્યાર્થીઓ અને વાલીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. આગામી સપ્તાહથી શાળાઓના નવા સત્રનો પ્રારંભ થવાનો છે. ત્યારે વાલીઓ બાળકોને લઈ ચિંતિત બન્યા છે. બજારમાં સ્કુલબેગ, વોટર બોટલ, લંચબોકસ, કંપાસ, ચોપડા, નોટબુક, ડ્રેસ, શુઝ સહિત સ્ટેશનરીની ચીજવસ્તુઓ માટે ભારે પડાપડી જોવા મળી રહી છે. જયારે નાના બાળકોની સ્કુલબેગ ૨૫૦ થી ૫૦૦ સુધીમાં ઉપલબ્ધ છે. જયારે બાળકોમાં વિવિધ કાર્ટુનવાળી બેગ હોટ ફેવરીટ છે. કેટલાક દુકાનદારો ગ્રાહકોને આકર્ષવા માટે અવનવી યોજનાઓ અમલમાં મુકી છે. તો બીજી તરફ ગ્રાહકો કાળઝાળ ગરમીથી હેરાન પરેશાન થઈ ઉઠે છે. જેથી મોલ તરફ પણ ગ્રાહકોનો ભારે ધસારો રહેલો છે. એક જ સ્થાને બાળકોની અભ્યાસને લગતી ચીજવસ્તુઓ સહિત ઘરની વસ્તુઓ પણ સરળતાથી મળી રહે છે. તેમજ નગરજનોને એસી હોવાથી ગરમીનો પણ સામનો કરવો પડતો નથી. તેથી મોલ તરફ ગ્રાહકો આકર્ષાતા મોલ પણ ગ્રાહકોથી ઉભરાતા નજરે પડે છે. બાળકોની અભ્યાસકીય ચીજવસ્તુઓમાં ભારેખમ ડિસ્કાઉન્ટ પણ મોલમાં મળી રહ્યું છે. ત્યારે હાલના સમયે તો વિવિધ સ્ટેશનરી તેમજ શાળાકીય ચીજવસ્તુઓની ખરીદી માટે શહેરના બજારો તેમજ મોલમાં બાળકો અને વાલીઓના આંટાફેરા વધી ગયા છે. જયારે આગામી સમયમાં બજારમાં અભ્યાસકીય કીટની ખરીદી માટે બાળકો અને વાલીઓનો માનવ મહેરામણ ઉમટશે.

# ફુડ એન્ડ ડ્રગ વિભાગે જિલ્લાના ૧૩ સ્થળેથી કેરીના રસના નમૂના લીધા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સ્થિત ફુડ એન્ડ ડ્રગ વિભાગે ગાંધીનગર સહિત જિલ્લાના જુદા જુદા સ્થળે કેરીના રસના વેપારીઓને ત્યાં સપાટો બોલાવ્યો હતો. ફુડ ટીમે ગાંધીનગરના ચાર અને અન્ય ત્રણ તાલુકામાંથી મળી કુલ ૧૩ વપારીઓને ત્યાંથી કેરીના રસના નમૂના લઈ તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી આપ્યા હતા.

ઉનાળાની શરૂઆત થતાં જ રાજયભરના ફ્રુટ માર્કેટમાં રસાળ કેરીઓનું આગમન થઈ ગયું હતું. કેરીની સીઝનમાં ડેરી-પાર્લરમાં પણ કેરીના રસનું ધૂમ વેચાણ થઈ રહ્યુ છે ત્યારે સીઝનમાં વધુ કમાઈ લેવાની લ્હાયમાં કેરીના રસનું ઉત્પાદન કરતા ફેકટરીના માલિકો કેરીના રસમાં મોટા પ્રમાણમાં ભેળસેળ કરે છે. વેપારીઓ કેરીના રસમાં સેકરીન રંગ અને પપૈયુંનો ઉપયોગ વધારે કરે છે જયારે કેરી તો માત્ર નામની જ હોય છે. ઉનાળાની સીઝનમાં મોટા પ્રમાણમાં રસનો ઉપાડ થતો હોવાથી વેપારીઓ આ ભેળસેળ યુકત કેરીના રસનું વેચાણ કરી ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડા કરતા હોય છે ત્યારે છેલ્લા ઘણા સમયથી રાજય ફુડ એન્ડ ડ્રગ વિભાગ સક્રીય બન્યું છે. અને જુદા જુદા સ્થળે કાર્યવાહી હાથ ધરી છે. ફુડ વિભાગે સીઝનમાં ગાંધીનગરના ૪ તથા કલોલ, દહેગામ અને માણસાના ૯ મળી કુલ ૧૩ કેરીના રસના ઉત્પાદકોની પાસેથી રસના નમૂના લીધા છે અને લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલી આપ્યા હતા.

# પર્યાવરણ દિવસે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે નિબંધ સ્પર્ધા યોજાઈ






ગાંધીનગર, તા.૫

ગુજરાત કાઉન્સિલ ઓન સાયનસ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર તથા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આ દિવસની ઉજવણીના ભાગરૂપે નિબંધ લેખન સ્પર્ધા, પોપ્યુલર પિકચર અને ફિલ્મ શૉ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ તથા આર.જી. પટેલ કન્યા વિદ્યાલયના સુપરવાઈઝર હિતેષભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. અનિલભાઈએ તેમના વકતવ્યમાં વિદ્યાર્થીનીઓને પ્લાસ્ટીક પ્રદુષણ દ્વારા પૃથ્વીને થતા નુકશાન વિશે વાત કરી હતી તેમજ પ્લાસ્ટીક પ્રદુષણને અટકાવવા માટેના ઉપાયો વિશે વિદ્યાર્થીઓને સમજ આપી હતી. વિદ્યાર્થીઓને પ્લાસ્ટીક પ્રદુષણ પર એક ડૉકયુમેન્ટ્રી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ માટે નિબંધ, લેખન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય સ્ટોપ પ્લાસ્ટિક પોલ્યુશન, રિડયુસ-રિયુઝ એન્ડ રિસાયકલ રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ પોતાના વિચારો લખ્યા હતા. આ કાર્યક્રમમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો ઓર્ડીનેટર હાર્દિક મકવાણા તથા શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

## વાતવાતમાં

● વિશ્વ પર્યાવરણ દિને શહેરના ઈન્દ્રાડો પ્રકૃતિ ઉદ્યાન ખાતે પ્રકૃતિ પ્રેમી મુલાકાતીઓનો ધસારો વધી જવા પામ્યો હતો. એક જ દિવસમાં ૧૨૦૦થી વધુ મુલાકાતીઓ આવ્યા હોવાનું નોંધાયું હતું.

● ગાંધીનગરના સેકટર-૧૭માં ઘરફોડ ચોરીની ઘટના બની હતી. જો કે આ ઘટનામાં કંઈ ચોરાયું ન હોવાથી મકાનમાલિકે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હોવાનો પોલીસનો દાવો છે.

● પાલજમાં રહેતા અને કોલકાતામાં ફરજ બજાવતા એક બીએસએફ કર્મીનું ઓન ડયુટી અવસાન થવા પામતા તેમને ગાંધીનગર ખાતેના બીએસએફ એકમ દ્વારા ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. ગાર્ડ ઓફ ઓનર માટે બીએસએફના કર્મચારીઓ, અધિકારીઓ, ચિલોડા પોલીસ ઉપરાંત વહીવટી તંત્ર ઉપસ્થિત રહ્યું હતું.

# સંત સરોવર પાસે રીક્ષાની ડેકીનું લોક તોડી આઠ મોબાઈલની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક સરિતા ઉદ્યાનની પાછળ આવેલા સંત સરોવરમાં આવવા પર હાલ તંત્રએ પ્રતિબંધ લગાવ્યો છે. તેમ છતાં છૂટા-છવાયા કેટલાક મિત્રોના ગ્રુપ સંત સરોવરમાં ન્હાવા આવતા હોય છે. અગાઉ પણ સંખ્યાબંધ વાહનચોરી અને વાહનોની ડેકીમાંથી મોબાઈલ અને કિંમતી ચીજવસ્તુઓની ચોરી સંત સરોવરના પાર્કિંગમાંથી થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. હજુ પણ આ સિલસિલો યથાવત છે. તાજેતરમાં જ અમદાવાદ મેઘાણીનગર વિસ્તારમાંથી દશેક મિત્રોનું ગ્રુપ સંત સરોવર આવ્યું હતું ત્યારે તેમના આઠ મોબાઈલ રીક્ષાની ડેકીનું લોક તોડી મોબાઈલ ચોરો ફરાર થઈ ગયા હતા. આ મામલે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થવા પામ્યો છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં રહેતા દશેક મિત્રોનું ગ્રુપ ૧લી જૂને ગાંધીનગર ખાતે સંત સરોવર ન્હાવા આવ્યું હતું. દરેક મિત્રોએ પોતપોતાના મોબાઈલ એક રૂમાલમાં મૂકી એ રૂમાલની ગાંઠ મારી રીક્ષાની ડેકીમાં મૂકી દીધા હતા. આ ગ્રુપ એક રિક્ષા અને એક ખુલ્લી જીપ લઈને આવ્યા હતા. રિક્ષામાં લોકર હોવાથી મોબાઈલો રિક્ષાના લોકરમાં મૂકી તમામ મિત્રો ન્હાવા માટે ગયા હતા અને ત્યારબાદ પરત રીક્ષા તરફ આવ્યા અને રીક્ષા ની ડેકી તરફ જોયું તો ડેકીનું લોક તૂટેલી હાલતમાં પડયું હતું. મોબાઈલ ચોરોએ તેમની રિક્ષાને ટાર્ગેટ કરીને ડેકીનુ લોક તોડીને અંદરથી રૂમાલની પોટલી ઉઠાવી લીધી હતી જેમાં ૮ મોબાઈલો પડ્યા હતા. મેઘાણીનગરના વિજયભાઈ સોમાભાઈ પટણીએ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ આપતા પોલીસે ૭૬ હજારની કિંમતના ૮ મોબાઈલની ચોરી મામલે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# શહેરની દીકરી મેટની પરીક્ષામાં અવ્વલ

ગાંધીનગર, તા.૫

ભારતમાં દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ એમબીએનો અભ્યાસ કરવા માટે અલગ અલગ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા હોય છે. આવી જ પરીક્ષા મેનેજમેન્ટ એપ્ટિટયુડ ટેસ્ટમાં દર વર્ષે આખા ભારતમાંથી અમુક જ છાત્રો ૮૦૦/૮૦૦ માર્કસ મેળવી શકે છે. આ વર્ષે ગાંધીનગરની દિકરીએ આ પ્રતિષ્ઠિત યાદીમાં નામ નોંધાવ્યું છે.




શહેરની દિકરી કેયા ઉપાધ્યાયે મેટમાં ૮૦૦/૮૦૦ માર્કસ મેળવીને ગાંધીનગર શહેરનું નામ ઉજાગર કર્યું છે. કેયા ગાંધીનગર સ્થિત કેરિયર લોન્ચરની વિદ્યાર્થીની છે. કેયાએ કેટ, સીમેટ જેવી અન્ય પરીક્ષાઓમાં પણ સારા ગુણ મેળવ્યા છે. તેમજ ભારતની પ્રતિષ્ઠિત એવી ઈન્ટરનેશનલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટ, દિલ્હીમાં પ્રવેશ મેળવ્યો છે.

કેયાના શિક્ષિકા પરિધિબહેન આ વિષય પર વાચ કરતા જણાવે છે કે ઘણા વિદ્યાર્થીઓ ઓનલાઈન પરીક્ષામાં ઉતીર્ણ થયા પછી ગ્રુપ ડિસ્કશન અને ઈન્ટરવ્યુ પ્રત્યે જોઈએ તેવું ધ્યાન આપતા નથી. કેયાએ દરેક બાબતને ખૂબ જ ઝીણવટપણે જોઈ હતી અને કયાંય કચાશ છોડી નહતી.

# રૂદ્રાભિષેક મંડળ દ્વારા હોમાત્મક અતિરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા.૫

રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થવાને આરે છે. મંડળ દ્વારા સ્થાપના વર્ષની ઉજવણી નિમિત્તે હોમાત્મક અતિરૂદ્રનું આયોજન વિચારણા હેઠળ છે. જેની રૂપરેખા તા. ૧૦-૬-૨૦૧૮ના રોજ નક્કી કરવામાં આવશે. આ ઉપરાંત, ૧૦મી જૂને મંડળના ઉપક્રમે દત્તમંદિર સે-૨૮ ખાતે પુરુષોત્તમ માસમાં એક દિવસ સાંધ્ય વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે ભાવિકભકતોને યાગના દર્શનનો લાભ લેવા મંડળ દ્વારા જણાવાયું છે.

# મુસ્લિમ બિરાદરો ખુદાની ઈબાદતમાં વ્યસ્ત

## રમઝાન દરમિયાન મુસ્લિમ બિરાદરો રોજા રાખી મન અને તનથી પવિત્ર બને છે : રોઝા રાખી સિદ્દત્તથી નમાજ પઢીને કુરાન-શરીફની તિલાવત કરે છે : ઈદ ઉલાફત્તની તડામાર તૈયારીઓ પણ શરૂ

ગાંધીનગર, તા.૫

મુસ્લિમ ધર્મનો પવિત્ર માસ રમઝાન હાલમાં ચાલી રહ્યો છે. મુસ્લિમ બિરાદરો આ પવિત્ર માસમાં ખુદાની ઈબાદતમાં મગ્ન બન્યા છે જે ધાર્મિક માહોલ હાલ મસ્જીદ અને ઈદગાહમાં દખાઈ રહ્યો છે. ઈસ્લામીક કેલેન્ડરના હિસાબથી નવમો મહિનો રમઝાનનો હોય છે ત્યાર પછી ચાંદ જોઈને ઈદ ઉલ ફિત્રનો તહેવાર મનાવાય છે. માન્યતા છે કે રમઝાન મહિનામાં કુરાન અવતરિત થઈ હતી જેથી આ મહિનાનું મુસ્લિમ ધર્મમાં આગવું મહત્વ બન્યું છે. આ વર્ષે મે મહિનાના મધ્યથી રમઝાન માસનો પ્રારંભ થયો હતો અને જુન મહિનાના મધ્યાંતરે પુર્ણ થશે. રમઝાન માસ દરમિયાન મુસ્લિમ બિરાદરો રોઝા રાખે છે અને ખુદાની ઈબાદતમાં વ્યસ્ત રહે છે.

આ પવિત્ર માસમાં તમામ મુસ્લિમ બિરાદરો પોતાની ચાહતો પર નકલ કસીને અલ્લાહની ઈબાદત કરે છે. આ પવિત્ર માસ સબ્રનો ગણાય છે. જેનું વર્ણન ઈસ્લામ ધર્મના પવિત્ર ગ્રંથ કુરાનમાં કરાયું છે. માન્યતા છે કે રમઝાન મહિનામાં રોઝા રાખી અલ્લાહની ઈબાદત કરી મનુષ્ય ખુદાની નજીક પહોંચે છે અને ખુદાથી પોતે કરેલા ગુનાઓની માફી માંગે છે. રોઝા દરમિયાન હાલ મુસ્લિમ બિરાદરો સવારે



સુરજ નીકળ્યા પહેલા સહરી ખાય છે અને સાંજે સુરજ ઢળ્યા પછી નકકી સમય પર ઈફતાર કરે છે તેમજ નિયમિત સિધ્ધતથી નમાજ પઢે છે અને કુરાન શરીફની તિલાવત કરે છે.

રમઝાન માસ દરમિયાન રોઝા રાખનારે કુરાનના પદોને જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરવો જોઈએ અને જકાતને તેટલું જ પ્રાધાન્ય આપવું જોઈએ તેવું વર્ણવાયું છે. જેમાં જકાત એ કે તે પોતાની કમાણીમાંથી ભાગ કાઢી અલ્લાહ તેમજ ધર્મની રાહ ઉપર ખર્ચ કરે તે. આ જકાત સમાજના ગરીબોને અપાતી હોય છે અને ફિત્રો (અનાજ) પણ અપાય છે. રોઝા રાખનારે જુઠું બોલવું નહીં, ખરાબ કે ખોટું સાંભળવું નહી કે કરવું નહીં તેવા કડક નિયમો પાળવાના હોય છે. રમઝાન મહિનાની છેલ્લી રાત ચાંદ રાતના સ્વરૂપે મનાવાય છે. ચાંદ રાતમાં ઈદનો ચાંદ જોઈને મુસ્લિમ બિરાદરો બીજા દિવસે ઈદ ઉલ ફિત્ર મનાવે છે જેને મીઠી ઈદ પણ કહેવાય છે. હદીશના અનુસાર ઈદ ઉલ ફિત્ર અલ્લાહે આપેલી ભેટ છે. અને આ દિવસે સવારની નમાજનું ખાસ મહત્વ હોય છે. શહેરમાં સે-૨૧, ૨૯, ૫ તથા પેથાપુર, વાવોલ અને છાલામાં રમઝાન માસ ખુબ જ ધાર્મિકતાથી મનાવાઈ રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. વિરેન્દ્ર ભારદ્વાજ, ઉ.વ. ૪૯
- સ્વ. રઘુનાથસિંહ સેંધાજી વાઘેલા, ઉ.વ. ૮૦
- સ્વ. રાજેન્દ્ર બાબુભાઈ સીસાગીયા, ઉ.વ. ૫૮
- સ્વ. રામી ભગવતીબેન અમૃતલાલ, ઉ.વ. ૬૭
- સ્વ. ઠાકોર નાથાજી વરસંગજી, ઉ.વ. ૭૦